# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-03-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## માછીમારી બોટમાં ડિઝલના ભાવમાં ઘટાડો:

રાજ્યના માછીમારોના આર્થિક હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મત્સ્યોદ્યોગ મંત્રી જીતુ વાઘાણીની અસરકારક રજૂઆતને પગલે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. ભારત પેટ્રોલિયમ દ્વારા માછીમારી બોટ માટે ડીઝલના ભાવમાં કરવામાં આવેલો લિટર દીઠ રૂ. ૨૨.૪૩નો વધારો પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

મંત્રી જીતુ વાઘાણીએ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી હતી કે માછીમારોને 'કન્ઝ્યુમર સેગમેન્ટ'ને બદલે રિટેલ ગ્રાહકોની સમકક્ષ ગણીને રાહત આપવામાં આવે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આ વાજબી રજૂઆતનો સ્વીકાર કરાતા હવે રાજ્યના માછીમારોને અગાઉના રાહત દરે જ ડીઝલ પ્રાપ્ત થશે. આ નિર્ણયથી મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લાખો પરિવારોને મોટી આર્થિક રાહત મળી છે.

-------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મિલેટ મહોત્સ:

રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને ગાંધીધામમાં મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ અને સ્વાસ્થ્યના રક્ષણ માટે 'પ્રાકૃતિક ખેતી' અનિવાર્ય છે. તેમણે નાગરિકોને દૈનિક આહારમાં શ્રી અન્નને સ્થાન આપવા અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરી હતી.

ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ પણ પોષક તત્વોથી ભરપૂર મિલેટ્સના મહત્વ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન ખેડૂત લાભાર્થીઓને સહાયના ચેક વિતરણ કરાયા હતા. આ બે દિવસીય મહોત્સવમાં સખી મંડળો અને ખેડૂતોના વિવિધ સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## વિશ્વ વન દિવસની ઉજવણી:

આજે 'વિશ્વ વન દિવસ'ની સમગ્ર દેશમાં ઉજવણી થઇ રહી છે. કચ્છ જિલ્લામાં પર્યાવરણ જાળવણી માટે વન વિભાગ દ્વારા હાથ ધરાયેલ 'વનકવચ' અભિયાનના પ્રોત્સાહક પરિણામો સામે આવ્યા છે. જાપાનીઝ ટેકનિક 'મિયાવાંકી' પર આધારિત વનકવચ પદ્ધતિ દ્વારા કચ્છમાં છેલ્લા ત્રણ વર્ષમાં નોંધપાત્ર સફળતા મળી છે. વર્ષ 2025-26માં 17 વનકવચ હેઠળ 1.90 લાખ રોપા વાવવામાં આવ્યા છે. અગાઉના વર્ષો સહિત અત્યાર સુધીમાં કુલ 28 વનકવચ દ્વારા લાખો વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે.

આ પદ્ધતિ સામાન્ય વન કરતા 30 ગણી વધુ ગીચ અને 10 ગણી ઝડપી વૃદ્ધિ ધરાવે છે. જિલ્લામાં 'ઓપરેશન સિંદુર', 'સરદાર સ્મૃતિ વન' અને 'પવિત્ર ઉપવન' જેવા પ્રોજેક્ટ્સ દ્વારા શહેરી અને પડતર જમીનોને નંદનવનમાં ફેરવવામાં આવી છે. કચ્છમાં બી.એસ.એફ. કેમ્પસમાં નિર્મિત અર્બન ફોરેસ્ટ, ઓપરેશન સિંદુર અને વિધાનસભા દીઠ સ્થાપિત ૦૭ 'સરદાર સ્મૃતિ વન' નિર્માણ કરાયા છે.

---------------------------------------------------------------------------------------------------

## હાજીપીર મેળો:

કચ્છની કોમી એકતાના પ્રતીક હાજીપીર બાબાનો ઉર્સ આગામી એપ્રિલ મહિનામાં ઉજવવામાં આવશે. સામાન્ય રીતે મેળો દર વર્ષે ચૈત્ર માસમાં યોજાય છે, પરંતુ આ વખતે રમજાન મહિનાના કારણે મેળાને હાજીપીર વ્યવસ્થાપક સમિતિ દ્વારા 20 દિવસ પાછળ લઇ જવામાં આવ્યો છે. શ્રધ્ધાળુઓની સગવડતા અને પરંપરાને ધ્યાનમાં રાખીને હવે આ મેળો

આગામી તા. 11, 12 અને 13 એપ્રિલના યોજાશે. રાજ્યના અનેક વિસ્તોરમાંથી હજારો શ્રધ્ધાળુઓ પોતાની મન્નત પુરી કરવા માટે પગપાળા અને વાહનો દ્વારા હાજીપીર આવે છે. શ્રધ્ધાળુઓ માટે પીવાના પાણી અને હેવાની વ્યવસ્થા માટે સ્થાનિક તંત્ર તેમજ દરગાહ સમિતિ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

---

## અંતરજાળમાં રહેણાંક મકાનમાં આગ:

ગાંધીધામ નજીક આવેલા અંતરજાળ ગામમાં રહેણાક મકાનમાં આજે વહેલી ગેસ લીકેજના કારણે આગ લાગીહતી. આ દુર્ઘટનામાં મકાનમાં હાજર બે વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી જતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ગાંધીધામ ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

---

## માંડવીના અગ્રણીનું અવસાન:

માંડવીની જૂની પેઢીના તબીબ અને સામાજિક અગ્રણી ડોક્ટર છોટાલાલ કોઠારીનું આજે માંડવી ખાતે અવસાન થયું છે. ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ ફાઉન્ડેશનના તેઓ સ્થાપક પ્રમુખ હતા. ક્રાંતિવીરના માંડવી  ખાતેના મૂળ જન્મસ્થળની જાળવણી માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા હતા.

---

# ઈદની ઉજવણી:

પવિત્ર રમઝાન માસની પૂર્ણાહુતિ બાદ આજે કચ્છ જિલ્લાભરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ-ઉલ-ફિત્રની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભુજ, ગાંધીધામ, અંજાર અને માંડવી સહિતના શહેરો અને ગામોમમાં વહેલી સવારે મસ્જિદો અને ઈદગાહોમાં વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી. નમાઝ બાદ બિરાદરોએ એકબીજાને ગળે મળી 'ઈદ મુબારક' પાઠવી ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે દેશમાં અમન, શાંતિ અને સમૃદ્ધિ માટે ખાસ દુઆઓ માંગવામાં આવી હતી. ઈદના પર્વને લઈને બજારોમાં પણ ભારે રોનક જોવા મળી હતી, જ્યાં લોકોએ મીઠાઈ અને પરંપરાગત વાનગીઓની મજા માણી હતી.

---